# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-03-2024** **Midday : 2.30 to 2.35**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## LOKSABHA ELECTION- 2024

ભારતીય ચૂંટણી પંચના જણાવ્યા પ્રમાણે, 2024ની લોકસભાની સામાન્ય ચૂંટણીઓ અને રાજ્ય વિધાનસભાની ચૂંટણીનું સમયપત્રક આવતીકાલે જાહેર કરવામાં આવશે. ભારતીય ચૂંટણી પંચ આવતીકાલે બપોરે ત્રણ વાગ્યે નવી દિલ્હીમાં આવેલા વિજ્ઞાન ભવનમાં પત્રકાર પરિષદ યોજીને આગામી લોકસભાની ચૂંટણીના સમયપત્રકની જાહેરાત કરશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ભારતીય ચૂંટણી પંચે દરેક રાજ્યમાં ચૂંટણી તૈયારીઓનું રાષ્ટ્રીય સર્વે પણ પૂર્ણ કર્યું છે.

પ્રાદેશિક અને રાષ્ટ્રીય પક્ષોએ 543 સંસદીય મતવિસ્તારોથી ચૂંટણી માટે તેમના ઉમેદવારોની જાહેરાત કરવાનું શરૂ કરી દીધું છે. ભાજપે અત્યાર સુધી લોકસભાની ચૂંટણી માટે 267 ઉમેદવારોની યાદી જાહેર કરી છે જ્યારે કોંગ્રેસે 82 ઉમેદવારોના નામ જાહેર કર્યા છે.

## TEKA NA BHAVE KHARIDI

રાજ્યમાં આગામી ૧૮મી માર્ચથી ત્રણ મહિના સુધી તુવેર, ચણા અને રાયડાની ટેકાના ભાવે ખરીદી કરાશે..

કૃષિ મંત્રી રાઘવજી પટેલે આ અંગે જણાવ્યું હતું કે, આગામી ૧૫મી જૂન સુધી ચાલનારી આ ખરીદીનો અંદાજે 3 લાખથી વધુ ખેડૂતોને લાભ થશે. શ્રી પટેલે વધુમાં ઉમેર્યું હતું કે, તુવેર પાકની ખરીદી માટે ૧૪૦ ખરીદ કેન્દ્રો, ચણાની ખરીદી માટે ૧૮૭ અને રાયડાની ખરીદી માટે ૧૧૦ મળી કુલ ૪૩૭ ખરીદ કેન્દ્રો નક્કી કરવામાં આવ્યા છે.

ટેકાના ભાવથી ખરીદી માટે રાજ્યના ખેડૂતોએ નાફેડના ઈ-સમૃધ્ધિ પોર્ટલ પર નોંધણી કરાવી છે. આ ખેડૂતો પાસેથી કેન્દ્ર સરકાર દ્વારા નક્કી કરાયેલા ટેકાના ભાવે ખરીદી કરાશે. જે અંતર્ગત, તુવેર માટે ૭ હજાર રૂપિયા પ્રતિ ક્વીન્ટલ, ચણા માટે ૫ હજાર ૪૪૦ અને રાયડા માટે ૫ હજાર ૬૫૦ પ્રતિ ક્વીન્ટલ ટેકાનો ભાવ જાહેર કરવામાં આવ્યો છે.

## MORBI- RUPALA

કેન્દ્રીય મંત્રી પરસોત્તમ રૂપાલાએ આજે મોરબીના ટંકારા-પડધરી વિસ્તારમાં કાર્યકર્તાઓ સાથે ચર્ચા કરી સંબોધન કર્યું હતું. શ્રી રૂપાલાએ પત્રકારો સાથેની વાતચીતમાં રાજકોટ બેઠક પરથી તેઓ જંગી લીડથી ચુંટણી જીતશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે, રાજકોટ-મોરબી જીલ્લા ભાજપ દ્વારા પ્રારંભિક રીતે કાર્યકર્તા પરિચયનું આયોજન કરાયું હતું જે અંતર્ગત આજે ટંકારા-પડધરી મત ક્ષેત્રની શ્રી રૂપાલાએ મુલાકાત લીધી હતી. જેમાં જીલ્લા પંચાયત સીટ દીઠ કાર્યકર્તા, ચૂંટાયેલા સભ્યો, સંગઠનના આગેવાનો, સામાજિક આગેવાનો સાથે તેઓએ ચર્ચા કરી હતી..

## NITIN GADKARI- ROAD UPGRADE

કેન્દ્રીય માર્ગ અને પરિવહન મંત્રી નીતિન ગડકરીએ પાલનપુર જિલ્લામાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ- 58ના ખોખરા ગુજરાત બોર્ડર-વિજયનગર-આંતરસુબા-રાષ્ટ્રીય ધોરીમાર્ગ 58ના માથાસુર રોડ વિભાગને અપગ્રેડ કરવા માટે 699 કરોડ 19 લાખ રૂપિયા મંજૂર કર્યા છે.

સોશિયલ મિડિયાના માધ્યમથી શ્રી ગડકરીએ કહ્યું હતું કે, નેશનલ હાઈવે- 58 ગુજરાત અને રાજસ્થાનને જોડે છે અને અંબાજી

મંદિર, ઉદયપુર, પોલો ફોરેસ્ટ અને અન્ય પુરાતત્વીય સ્મારકો અને વિવિધ પ્રવાસન સ્થળોને પણ જોડે છે. રાષ્ટ્રીય ધોરીમાર્ગ- 58ના આ વિભાગમાં હાલના સિંગલ/ટુ લેન રોડને પીએસ સાથે 2 લેનમાં અપગ્રેડ કરવાની દરખાસ્ત કરવામાં આવી છે અને તેમાં ડુંગરાળ પ્રદેશમાંથી પસાર થતા 14 ભાગોમાં ફરીથી ગોઠવણીનો સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટ વધુ સારી કનેક્ટિવિટી પ્રદાન કરશે અને આ ક્ષેત્રમાં આર્થિક પ્રવૃત્તિઓને વેગ આપશે.

## BHARAT VIKAS DIARY- EP. - 25

પ્રાદેશિક સમાચાર વિભાગ દ્વારા આજે રાત્રે આઠ વાગે પ્રસારિત થનાર "ભારત વિકાસ ડાયરી" કાર્યક્રમના 25મા અંકમાં અમદાવાદ પૂર્વ-પશ્ચિમ લોકસભા વિસ્તારના વિકાસની ગાથા રજુ કરવામાં આવશે.

## HOLI/ DHULETI- EXTRA BUS

હોળી- ધૂળેટીના તહેવાર નિમિત્તે એસ.ટી. નિગમ દ્વારા 19થી 25મી માર્ચ દરમિયાન વધારાની 1500 બસો દોડાવાશે. વાહનવ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ હોળી- ધૂળેટીના તહેવાર દરમિયાન છેવાડાના જિલ્લાના નાગરિકોને પોતાના માદરે વતન જવા માટે સંપૂર્ણ વ્યવસ્થા સાથેની સરકારી બસો ઉપલબ્ધ કરાવાશે, તેમ જણાવી આ તહેવારો દરમિયાન મોંઘી ખાનગી મુસાફરીના મારથી સામાન્ય જનતાને રાજ્ય સરકાર રાહત અપાવશે તેમ જણાવ્યું હતું.

ફૂલડોલ ઉત્સવ દરમિયાન શ્રદ્ધાળુઓને યાત્રાધામ ડાકોર અને દ્વારકા પહોંચાડવા માટે વધારાની ૫૦૦ બસો દ્વારા ૪ હજાર ૫૦૦ જેટલી ટ્રીપોનું સંચાલન કરવામાં આવશે. મુસાફરો ડેપો ખાતેથી તથા નિગમની

વેબસાઈટ અને મોબાઇલ એપ્લિકેશન પરથી ઓનલાઈન બુકિંગ કરાવી શકશે.

અમારા ડાંગના પ્રતિનિધી મુનિરા શેખના જણાવ્યા પ્રમાણે, ડાંગ જિલ્લામાં પણ આગામી 20થી 24મી માર્ચ દરમિયાન યોજાનારા ડાંગ દરબારના લોકમેળા માટે આહવાના એસ.ટી.ડેપો દ્વારા વધારાની બસ શરૂ કરવાનું આયોજન છે.

## WORLD CONSUMER RIGHTS DAY

આજે વિશ્વ ગ્રાહક અધિકાર દિવસની રાજ્યભરમાં ઉજવણી કરવામાં આવી રહી છે. આ દિવસની ઉજવણીનો હેતુ ગ્રાહકોને તેમના અધિકારો વિશે જાગૃત કરવાનો છે. આજના દિવસે ગ્રાહકોની જાગૃતિ અંગેના અનેક કાર્યક્રમો યોજાઇ રહ્યા છે.

## NARMADA-VETERINARY AMBULANCE

નર્મદા જિલ્લામાં  સાંસદ મનસુખ વસાવાએ અબોલ પશુઓની સેવાર્થે જિલ્લા પંચાયત ખાતેથી વેટરનરી એમ્બ્યુલન્સને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યુ હતું. આ પ્રસંગે તેમણે પશુપાલકોને સરકારની યોજનાઓનો મહત્તમ લાભ લેવા ખાસ અનુરોધ કર્યો હતો. અમારા નર્મદા જિલ્લાના પ્રતિનિધિ દિપક જગતાપના જણાવ્યા મુજબ, આ વેટરનરી એમ્બ્યુલન્સ સાગબારાના 14 ગામોમાં પશુઓને નિઃશુલ્ક સારવાર આપશે.